# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ધોરણ-૧૦ પૂરક પરીક્ષા-૨૦૨૫ માટેની અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધોરણ-૧૦ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને સંસ્કૃત પ્રથમા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫ માં જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષય/વિષયોમાં ગેરહાજર રહેલ હોય અથવા એક કે તેથી વધુ વિષય/વિષયોમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં (NEEDS IMPROVEMENT) "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા વિદ્યાર્થીઓ વર્ષ-૨૦૨૫ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે અને ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫ માં જે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે પરંતુ પોતાના પરિણામને સુધારવા ઇચ્છુક છે તેવા વિદ્યાર્થીઓ પણ ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પૂરક-૨૦૨૫ માં ઉપસ્થિત થઇ શકશે.

પૂરક પરીક્ષા ૨૦૨૫ માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **sscpurakreg.gseb.org** પરથી ONLINE કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફકત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વીકારવાની પદ્ધતિ અમલમાં નથી.

**પરીક્ષા માટેનું ઓનલાઇન આવેદન કરવાની તથા ફી ભરવાની કામગીરી કરવા માટેની અંતિમ તારીખ:૨૦/૦૫/૨૦૨૫ હતી જે વધુ બે(૨) દિવસ માટે લંબાવીને તારીખ:૨૨/૦૫/૨૦૨૫(સાંજના ૧૭:૦૦ કલાક) સુધી કરવામાં આવે છે.**

**ખાસ નોંધ:-**

1. જે વિદ્યાર્થી ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫ પરીક્ષામાં એક કે તેથી વધુ વિષયમાં અનુત્તીર્ણ/ગેરહાજર છે અને તે વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત (12)નો સમાવેશ થયેલો છે તેવા ઉમેદવારો ઓનલાઇન આવેદન ભરવાની પ્રક્રિયા દરમ્યાન ગણિત વિષયની પસંદગી બદલી શકે છે એટલે કે સ્ટાન્ડર્ડ ગણિતમાં અનુત્તીર્ણ થયેલ ઉમેદવાર સ્ટાન્ડર્ડ ગણિતના બદલે બેઝિક ગણિત વિકલ્પ બદલી શકશે .
2. જે વિદ્યાર્થી ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫ ની પરીક્ષા બેઝિક ગણિત (18) સાથે ઉત્તીર્ણ થયા છે તેવા વિદ્યાર્થી જે શાળામાંથી ધો-10ની ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫ ની પરીક્ષાનું આવેદનપત્ર ભરેલ હોય તે જ શાળામાંથી સ્ટાન્ડર્ડ ગણિત (12) વિષય માટે પૃથક (ISOLATED) ઉમેદવાર તરીકે ઓનલાઇન આવેદન કરી શકશે.
3. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-૨૦૨૫ માટે ઓનલાઇન આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.
4. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સુચનાઓ ઉપરોકત વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.

(signature)

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:- ૨૦/૦૫/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર